ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ-બોરસદ રોડ પર નિજાનંદ રિસોર્ટ સામે બે બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત : 3 ઈજાગ્રસ્ત

આણંદ પાસે બે બાઈક સામસામે અથડાતાં ૩ યુવકના કમકમાટીભર્યા મોત નિપજ્યાં

નાપા અને બોરસદના યુવાનો ચિખોદરા ચોકડીથી મિત્રને લઈને પરત ફરતી વખતે અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) આણંદ, તા. ૨૮

આણંદના બોરસદ-આણંદ માર્ગ પર આવેલા વાંસખીલીયા ગામની સીમમાં રિસોર્ટ સામે રવિવારે રાત્રે બે બાઈક વચ્ચે સામસામે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ત્રણ યુવાનોના કમકામાટીભર્યા મોત નિપજ્યાં છે. જ્યારે અન્ય ત્રણ યુવકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને ત્વરિત સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ગોઝારી ઘટનાને પગલે નાપા અને બોરસદ પંથકમાં ભારે અરેરાટી સાથે શોકની કાલિમા છવાઈ ગઈ છે.

બોરસદ તાલુકાના નાપા વાંટા ગામે રાજ ફળીયામાં રહેતા ૧૮ વર્ષીય તન્વીરખાન રિયાઝખાન રાણા (વેલ્ડીંગનું કામ કરનાર) રવિવારે સાંજે પોતાના ઘર આગળ ઊભા હતા. તે વેળાએ તેમના મિત્ર સમીર રાજુભાઈ રાણા બાઈક લઈને આવ્યા હતા અને જણાવેલ કે અન્ય મિત્ર અરમાન રફિકભાઈ રાણા સારસાથી આવી ચિખોદરા ચોકડી ઊભો હોઈ તેને લેવા જવાનું છે. જેથી બંને મિત્રો બાઈક પર ચિખોદરા ચોકડી પહોંચ્યા હતા અને અરમાનને સાથે બેસાડી ચિખોદરા, ગણેશ, બોરસદ અને અંધારીયા ચોકડી થઈ નાપા વાંટા તરફ પરત ફરી રહ્યા હતા.





દરમિયાનમાં રાત્રિના સાડા નવ વાગ્યાના સુમારે વાંસખીલીયા સીમમાં રિસોર્ટ નજીક ખાખરીયા કુવા પાસે વળાંકમાં સામેથી ત્રણ સવારીમાં પૂરઝડપે આવી ચઢેલા બાઈકના ચાલકે ત્રણેય મિત્રોના બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બંને બાઈક પર સવાર તમામ છ યુવકો રોડ પર પટકાયા હતા. આ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાના કારણે સમીર રાજુભાઈ રાણા, અરમાન રફિકભાઈ રાણા તથા સામેના બાઈક પરના અન્ય એક યુવકનું મોત નિપજ્યું હતું. જ્યારે તન્વીરખાન સહિત અન્ય ત્રણ યુવકોને શરીરે ઈજાઓ પહોંચી હતી.

આ અકસ્માત એટલો ભયાનક હતો કે બંને વાહનોના ફુરચેફુરચા ઉડી ગયા હતા. આ દુર્ઘટનામાં નાપાવાંટા અને બોરસદ ગામના ત્રણ આશાસ્પદ યુવાનોએ જીવ ગુમાવતા સમગ્ર વિસ્તારમાં ભારે ગમગીની છવાઈ ગઈ છે. આ અકસ્માતનો અવાજ સાંભળી આજુબાજુના લોકો તથા વાહનચાલકો એકઠા થઈ ગયા હતા અને ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ મોકલ્યા હતા. આ બનાવ અંગે ઈજાગ્રસ્ત તન્વીરખાન રાણાની ફરિયાદના આધારે આણંદ રૂરલ પોલીસે બાઈક નંબર GJ-23-EL-3053 ના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આણંદના જીટોડીયા રોડ પર વધી રહેલા અકસ્માતમાં વાહન ચાલકોમાં ફફડાટ ફેલાયો છે.

કારમાં દીકરી વાટ જોતી રહી અને મા-બાપ કેનાલના વિલીન થયાં

લીંગડાની કેનાલમાં ફૂલ પધરાવા જતા દંપતી ડૂબ્યું : બંનેના મોત

એલઆઈસી અધિકારી તરીકે મોડાસા નોકરી જોઈન કરવા નીકળ્યા હતા

(પ્રતિનિધિ) આણંદ તા.૨૮

આણંદના વઘાસી રોડ સ્થિત આર.કે. એવન્યુ સોસાયટીમાં રહેતા અને એલઆઈસીમાં અધિકારી તરીકે ફરજ બજાવતા અનિલભાઈ ચૌધરી અને તેમનાં પત્ની પ્રફુલ્લાબેન ઉમરેઠ નજીક લીંગડા મહી કેનાલમાં પૂજાની સામગ્રી પધરાવતી વખતે અચાનક પગ લપસતાં ધસમસતા પ્રવાહમાં તણાઈ ગયાં હતાં. આ સમયે કારમાં બેઠેલી માસૂમ દીકરી માતા-પિતાની રાહ જોતી રહી, પરંતુ બંનેના મૃતદેહ જ બહાર આવ્યા હતા.

મૂળ સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના કુંભારીયા જંખવાવના વતની અનિલભાઈ



ચૌધરી (ઉ.વ.53)ને તાજેતરમાં આણંદથી પ્રમોશન સાથે મોડાસા બદલી મળી હતી. તેઓ શનિ-રવિની રજાઓ પૂરી કરી સોમવારે મોડાસા નોકરી જોઈન કરવા માટે તેઓ પત્ની પ્રફુલ્લાબેન (ઉ.વ.47) અને દીકરી પ્રેક્ષા સાથે કાર લઈને નીકળ્યા હતા. જોકે, રસ્તામાં લીંગડા કેનાલ પાસે દીકરીને કારમાં બેસાડી બંને કેનાલ કિનારે ફૂલ પધરાવવા ગયાં હતાં. આ ફૂલ પધરાવતી વખતે અચાનક પગ લપસતાં અનિલભાઈ અને પ્રફુલ્લાબેન કેનાલના ઊંડા પાણીમાં ખાબક્યા હતા. નહેરમાં પાણીના પ્રચંડ પ્રવાહ વચ્ચે એકબીજાને બચાવવાના અંતિમ પ્રયાસો કરવા છતાં બંને પાણીમાં ગરકાવ થઈ ગયાં હતાં.

બીજી તરફ લાંબો સમય વીતવા છતાં માતા-પિતા પાછા ન આવતાં શંકા જતાં દીકરી કારમાંથી નીચે ઊતરી કેનાલ પાસે પહોંચી હતી. જોકે, કેનાલ કિનારે માતા-પિતા ન દેખાતાં દીકરીએ આઘાતમાં સ્વજનોને જાણ કરી હતી. આખરે પાણીના ભારે પ્રવાહમાં તણાયેલું દંપતી મેઘવા તાબે આવેલા ડાહ્યાપુરા પાસે પહોંચ્યું હતું, જ્યાં ગ્રામજનો અને સ્થાનિક તરવૈયાઓએ ભારે જહેમત બાદ બંનેના મૃતદેહ બહાર કાઢ્યા હતા. આ ઘટનાની જાણ થતાં ઉમરેઠ ફાયર ટીમ અને ભાલેજ પોલીસ કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

નવાખલના સરપંચને હોદ્દા ઉપરથી દૂર કરવા રિપોર્ટ

મહિલા સાથે દૂષ્કર્મ આચરવાના કથિત કેસમાં સરપંચની ધરપકડ થઈ હતી

(પ્રતિનિધિ) આંકલાવ તા.૨૮

આંકલાવ તાલુકાના નવાખલ ગામના સરપંચ દિલીપસિંહ સોલંકીને દુષ્કર્મના કેસમાં ધરપકડ થતા તેઓને હોદ્દા ઉપરથી દુર કરવા માટે તાલુકા વિકાસ અધિકારી હસમુખભાઈ એ ગુનાની વિગતો સાથે જિલ્લા વિકાસ અધિકારીને રિપોર્ટ મોકલ્યો છે.

આણંદ ડીડીઓ દ્વારા તેઓને ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ ૫૯ મુજબ કારણદર્શક નોટિસ ફટકારીને તેઓને સાંભળવા એક તક આપ્યા બાદ સરપંચને હોદ્દા ઉપરથી દુર કરવા સંદર્ભે કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યુ છે. સરપંચ ઉપર ગંભીર આરોપો લાગતા સ્થાનિક રાજકારણ ગરમાયું છે. જ્યારે બીજી તરફ સરપંચ પ્રજ્ઞાચક્ષુ હોય પરિણીતા ઉપર દુષ્કર્મના મુદ્દે કરાયેલી ધરપકડથી અનેક ચર્ચા અને અટકળો વહેતી થઈ છે. ગામના સરપંચ પદની ગરીમા ખરડાતા લોકોમાં નારાજગી પ્રવર્તી રહી છે. ગુનાની ગંભીરતાને લઈને આંકલાવ તાલુકા વિકાસ અધિકારીએ સરપંચ દિલીપસિંહ સોલંકીને હોદ્દા ઉપરથી દુર કરવા કે કેમ તે અંગે માર્ગદર્શન અને કાર્યવાહી માટે જિલ્લા વિકાસ અધિકારીને રિપોર્ટ કરતા આગામી દિવસોમાં નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

કરમસદ-આણંદ મહાનગરપાલિકાની વેરો ન ભરતાં મિલકતધારકો સામે કાર્યવાહી

આણંદ શહેરમાં બાકી વેરો ન ભરતાં એક જ દિવસમાં ૭ દુકાનો સીલ!

સૂચનાઓ છતાં રકમ ન ચૂકવાતાં સીલિંગ ઝુંબેશ

(પ્રતિનિધિ) આણંદ તા.૨૮

કરમસદ-આણંદ મનપાના ટેક્સ વિભાગ દ્વારા બાકી વેરાની વસૂલાત માટે અત્યંત કડક વલણ અપનાવવામાં આવ્યું છે. તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલા આક્રમક વસૂલાત અભિયાનના ભાગરૂપે શહેરના વિવિધ વિસ્તારોમાંથી લાંબા સમયથી મિલકત વેરો ન ભરનારા કરદાતાઓ સામે સીધી કાર્યવાહી કરીને કુલ ૦૭ દુકાનો સીલ કરી દેવામાં આવી છે. મનપાની



ટેક્સ રિકવરી ટીમે ચલાવેલા આ સઘન અભિયાનથી વેરો ન ભરનારા મિલકતધારકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

કરમસદ-આણંદ મનપાના ટેક્સ વિભાગની ટીમે શહેરના મુખ્ય એવા સ્ટેશન રોડ પર આવેલા કિશોર પ્લાઝા કોમ્પ્લેક્સ ખાતે ત્રાટકીને તપાસ હાથ ધરી હતી. આ સંકુલમાં મિલકતધારકો દ્વારા લાંબા સમયથી કુલ રૂ. ૫,૭૩,૫૮૦/- નો મિલકત વેરો ભરપાઈ કરવામાં આવ્યો ન હતો. તંત્ર દ્વારા આ અંગે અગાઉ અનેક લિખિત સૂચનાઓ અને આહવાન આપવામાં આવ્યા હોવા છતાં મિલકતધારકો દ્વારા વેરો ભરવામાં ન આવતાં, આખરે કડક પગલાં ભરીને કિશોર પ્લાઝાની ૦૬ દુકાનોને સ્થળ પર જ સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

બાદમાં ટેક્સ રિકવરી ટીમ દ્વારા ગામડીવડ વિસ્તારમાં આવેલા જે.કે. લેન્ડમાર્ક સંકુલ ખાતે પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. આ સંકુલમાં પણ રૂ. ૧.૧૭ લાખની રકમનો મિલકત વેરો ચૂકવવાનો બાકી હોવાનું જણાતાં તંત્રએ વિલંબ કર્યા વિના ત્વરિત કાયદેસરનાં પગલાં લીધાં હતાં અને ૧ દુકાનને સીલ કરી દીધી હતી. આમ, કરમસદ-આણંદ મહાનગરપાલિકાની ટીમે એક જ દિવસમાં બે અલગ-અલગ વેપારી સ્થળોએથી કુલ રૂ. ૬,૯૦,૫૮૦/- ના બાકી વેરા સામે કુલ ૦૭ મિલકતોને સીલબંધી હેઠળ લઈ કડક સંદેશો પાઠવ્યો છે.

લેન્ડ રેકર્ડ કર્મીની હડતાલથી દૈનિક કામગીરી ખોરવાઈ

અરજદારોના કામ અટવાયા, કચેરીઓ સૂમસામ બની

(પ્રતિનિધિ) આણંદ તા ૨૮

આણંદ જિલ્લા લેન્ડ રેકર્ડ વિભાગના કર્મચારીઓએ વિવિધ માંગણીઓના મુદ્દે અચોક્કસ મુદ્દતની હડતાલ શરૂ કરતા કચેરીની કામગીરી મહદઅંશે ખોરવાઈ ગયેલ છે. દૈનિક કામગીરી માટે કચેરીની મુલાકાતે આવતા જિલ્લાના અરજદારોને ધરમધક્કા પડી રહ્યા છે.

આણંદના લેન્ડ રેકર્ડ વિભાગના કર્મચારીઓ પડતર માંગણીઓ મુદ્દે ૨૧મી સપ્ટેમ્બરથી અચોક્કસ મુદ્દતની હડતાલ ઉપર ઉતરતા કચેરીની કામગીરીને સીધી અસર પડી છે. કર્મચારીઓની હડતાલના કારણે અનેક લોકોના કામો અટવાતા હેરાન પરેશાન થઈ ગયા છે. કર્મચારીઓ હડતાલ ઉપર ઉતરતા જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાંથી પ્રોપર્ટીકાર્ડ અને આઈ એલઆર કચેરીમાં માપણી સબંધિત કામગીરી માટે આવતા અરજદારોના કામો છેલ્લા ત્રણ સપ્તાહથી ટલ્લે ચઢ્યા છે. આ મુદ્દે કર્મચારીઓએ પોતાની માંગણી અંગે અધિકારીને આવેદનપત્ર આપી ત્વરીત નિર્ણય લેવા માંગ કરી છે.

આણંદ જિલ્લાના લેન્ડ રેકર્ડસ વર્ગ-૩ ના કર્મચારી મંડળ દ્વારા ૧૧ ઓગષ્ટના રોજ વિવિધ માંગણીઓના મુદ્દે રજુઆત કરવામાં આવી હતી. ૩૦ દિવસ વિતવા છતા પ્રશ્નનો ઉકેલ ન આવતા અચોક્કસ મુદ્દત હડતાલ સહિતના કાર્યક્રમો જાહેર કરવાની નોબત આવી છે.

બ્લેન્કેટ ખરીદી અને 'કવર' કાંડના વિવાદ બાદ સાધારણ સભામાં મોટો નિર્ણય

ઠાસરા ટીચર્સ મંડળીના પ્રમુખ અને મંત્રી સહિત ૬ના રાજીનામા મંજૂર

આંતરિક સેટિંગની ચર્ચા વચ્ચે ચૂંટણીની રૂપરેખા જાહેર

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૮

ઠાસરા તાલુકા ટીચર્સ મંડળીમાં ૨૫ કરોડ જેટલું માતબર વાર્ષિક ટર્નઓવર ધરાવે છે. જેના વહીવટી સ્તરે મોટો ભૂકંપ સર્જાયો છે. મંડળીની મળેલી સાધારણ સભામાં રાજીનામું આપનારા પ્રમુખ, મંત્રી અને અન્ય ૬ કારોબારી સભ્યોના રાજીનામા સત્તાવાર રીતે મંજૂર કરી તમામને કારોબારીમાંથી દૂર કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. અગાઉ બ્લેન્કેટ ખરીદીમાં ગેરરીતિ અને 'કવર' માંગવાના ગંભીર આક્ષેપો બાદ સર્જાયેલી આ ઉથલપાથલને પગલે મંડળીના સભાસદોમાં ભારે તર્કવિતર્ક અને આંતરિક સેટિંગ થયું હોવાની ચર્ચાઓ જોર પકડી રહી છે.

ઠાસરા તાલુકા ટીચર્સ મંડળી અગાઉ પણ કેટલાક ગંભીર વિવાદોને કારણે ચર્ચાસ્પદ બની ચૂકી છે. ભૂતકાળમાં મંડળી દ્વારા કરવામાં આવેલી બ્લેન્કેટ ખરીદીમાં કથિત ગેરરીતિ તેમજ કવરની માંગણી કરવા જેવા સંગીન આક્ષેપો થયા હતા. આ વિવાદો બાદ સાધારણ સભામાં પ્રમુખ, મંત્રી અને ૬ કારોબારી સભ્યોના રાજીનામા મંજૂર કરી દેવાતાં વહીવટી છાવણીમાં ખળભળાટ મચી ગયો છે. સભાસદોમાં એવી વ્યાપક ચર્ચા ચાલી રહી છે કે સમગ્ર વિવાદમાં આંતરિક સેટિંગ કરવામાં આવ્યું છે, તેમજ રાજીનામું આપનારા આ સભ્યો આગામી ચૂંટણીમાં ફરી ન ચૂંટાય તેવું વાતાવરણ પણ ઉભું થઈ રહ્યું છે.

આ સાધારણ સભામાં મંડળીના નવા માળખા અને આગામી ચૂંટણી પ્રક્રિયા અંગે પણ મહત્વપૂર્ણ નિર્ણયો લેવાયા છે. ચૂંટણી પ્રક્રિયા માટે ટૂંક સમયમાં સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં આવશે. પ્રતિ બીટ મુજબ ૩ સભ્યોની પસંદગી કરવામાં આવશે. જો ઉમેદવારો બિનહરીફ નહીં થાય તો સંબંધિત બીટમાં મતદાન યોજી ચૂંટણી હાથ ધરાશે.

સગીરાના અપહરણ કેસમાં યુવકને ચાર વર્ષ કેદની સજા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૮

મહેમદાવાદ તાલુકાના મોદજ ગામ પાસેથી સગીરાને લાલચ આપી અપહરણ કરી જવાના કેસમાં નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપી સુરેશકુમાર રામસિંહ ડાભીને દોષિત ઠેરવી ૪ વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

કઠલાલના નવી અરાલના વતની અને હાલ અમદાવાદ ખાતે રહેતા સુરેશકુમાર રામસિંહ ડાભીએ સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી. બાદમાં ૨૩મી ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ મોદજ ગામમાં ફટાકડા લઈ આપવાની લાલચ આપી પેસેન્જર રીક્ષામાં બેસાડી અપહરણ કરી ભગાડી ગયો હતો.

આ બનાવ અંગે મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી અટકાયત કરવામાં આવી હતી અને તપાસ બાદ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરાઈ હતી. આ કેસની સુનાવણી દરમિયાન સ્પે. પોક્સો જજ પી. પી. પુરોહિત સમક્ષ સરકારી વકીલ યોગીબેન કે. બારોટે ૧૦ દસ્તાવેજી પુરાવાઓ અને ૧૧ સાક્ષીઓની જુબાની રજૂ કરી સચોટ દલીલો કરી હતી. આથી, પુરાવા અને દલીલોને ધ્યાને રાખી કોર્ટે પોક્સો એક્ટ તથા બી.એન. એસ.ની કલમ હેઠળ સુરેશ ડાભીને ૪-૪ વર્ષની સખત કેદ અને કુલ રૂ. ૨૦,૦૦૦ નો દંડ ફટકાર્યો છે. જો દંડ ન ભરે તો વધુ ૬ માસની કેદની જોગવાઈ કરાઈ છે. ઉપરાંત, દંડની રકમમાંથી રૂ. ૨૫,૦૦૦ અને સરકારના ઠરાવ મુજબ અલગથી રૂ. ૨૫,૦૦૦ મળીને ભોગ બનનાર સગીરાને વળતર પેટે ચૂકવવાનો કોર્ટે હુકમ કર્યો છે.

બોરસદ શહેરમાં ગંદકી ફેલાવતા તત્વોને દંડ ફટકારવામાં આવ્યો

શહેરના વિસ્તારોમાં સરપ્રાઈઝ વિઝિટ દરમિયાન કચરો ફેંકતા ઈસમો સામે કડક કાર્યવાહી

(પ્રતિનિધિ) બોરસદ તા ૨૮

બોરસદ નગરપાલિકામાં નવ નિયુક્ત ચીફ ઓફિસર ઉમાબેન રામાણીએ શહેરના અનેક વિસ્તારોની મુલાકાત લઈને શહેરમાં સ્વચ્છતા જળવાઈ તે માટે અધિકારીઓને આદેશ કર્યો છે. તેઓએ પદ ગ્રહણ કરતા જ શહેરના ઈતિહાસ અને ભુગોળની પ્રાથમિક માહિતી મેળવીને અગામી સમયમાં શહેરના વિકાસને વધુ વેગ આપવા માટે એક્શન પ્લાન તૈયાર કરવાની વિચારણા કરી



રહ્યા છે. બોરસદ શહેરના એન્ટ્રી પોઈન્ટની આસપાસ ગંદકી કરતા અને કચરો ફેંકતા તદ્ઉપરાંત દુકાનો અને હોસ્પિટલો બહાર ફેલાયેલી ગંદકી બાબતે તેઓએ નગરપાલિકાના સેનેટરી ટીમને બેદરકારી નહી દાખવવા અને સફાઈને પ્રાધાન્ય આપવા આદેશ કર્યો છે. જાહેરમાં કચરો ફેંકી ગંદકી કરતા ઈસમો સામે ૨૧૦૦ રૂપિયાનો દંડ વસુલ કરવામાં આવ્યો છે. દંડની વસુલાત કરીને શહેરના નાગરિકો જ્યાં ને ત્યાં કચરો ન ફેંકે, સ્વચ્છતા જાળવે તે માટે ચીફ ઓફિસર ઉમેબેન રામાણીએ લોકોને અપીલ કરી છે. અગામી સમયમાં શહેરના વિસ્તારોમાં પણ સરપ્રાઈઝ વિઝિટ કરીને કચરો ફેંકતા ઈસમો સામે વધુ કડક રાહે કાર્યવાહી કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

નડિયાદના યુવકે કેનવાસ પર કંડારાયો ભારતીય ક્રિકેટનો સુવર્ણ ઇતિહાસ

સતત ૬ મહિનાની મહેનતથી વર્લ્ડ કપ વિજય સુધીની ગૌરવગાથા એક જ પેઇન્ટિંગમાં જીવંત થઈ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૮

આજના આધુનિક અને એઆઈના જમાનામાં કલાકાર સતીશ પાટીલે પોતાની ૬ મહિનાની અથાક મહેનત અને દેશભક્તિથી ભારતીય ક્રિકેટની વર્લ્ડ ચેમ્પિયન સફરને એક અદ્ભુત કેનવાસ પેઇન્ટિંગ પર કંડારી છે. ૧૪૦ કરોડ ભારતીયોના ગૌરવ અને તિરંગાના રંગોમાં રંગાયેલી આ કલાકૃતિમાં દેશની પુરુષ, મહિલા અને યુવા ટીમોના વિશ્વ વિજયના જશ્નને સ્થાન આપવામાં આવ્યું છે.નડિયાદના યુવા કલાકાર સતીશ પાટીલે કેનવાસ પેઇન્ટિંગના મુખ્ય કેન્દ્રસ્થાને આઈસીસી ચેરમેન જય શાહને દર્શાવવામાં આવ્યા છે. ગ્રાસરૂટ લેવલથી લઈને ટીમ ઈન્ડિયાની પુરુષ, મહિલા અને યુવા ટીમોને વર્લ્ડ ચેમ્પિયન બનાવવામાં તથા બીસીસીઆઈને દુનિયાનું સૌથી શક્તિશાળી બોર્ડ બનાવવા પાછળ તેમના કુશળ નેતૃત્વ અને મજબૂત નિર્ણયોનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે.

આ ઉપરાંત પેઇન્ટિંગની ચારેય બાજુ રોહિત શર્મા, વિરાટ કોહલી અને રવિન્દ્ર જાડેજાના વર્લ્ડ કપ વિજયના ઉત્સાહપૂર્ણ જશ્નને કંડારવામાં આવ્યો છે. આ



પેઇન્ટિંગમાં ઉપરના ભાગે હરમનપ્રીત કૌરના નેતૃત્વમાં ભારતીય દીકરીઓની વર્લ્ડ કપ જીત અને નીચેના ભાગમાં ભારતનું ભવિષ્ય એવી અંડર-૧૯ ટીમને સ્થાન આપવામાં આવ્યું છે. દિવસ-રાત એક કરીને ૬ મહિના સુધી હાથેથી તૈયાર કરાયેલી આ કલાકૃતિ કલાકાર સતીશ પાટીલની ક્રિકેટ અને કળા પ્રત્યેની સાચી ભક્તિ દર્શાવે છે.



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225